;tID[J HIT[

**અધ્યક્ષ**

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

**ટાઉનહોલની પાસે, સેક્ટર–૧૭, ગાંધીનગર.**

## આમુખ

માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ અને તેમાં સને ૨૦૦૬ માં થયેલા વધુ સુધારાઓ સહિત, તે અન્વયે માનવ અધિકારનો ભંગ અથવા તેને સંબંધિત બાબતો અથવા બનાવો સામે વધુ સારી કામગીરી માટે કલમ ૨૧(૧) મુજબ રાજ્યમાં રાજ્ય માનવ અધિકાર આયોગના ગઠનની જોગવાઈ કરવામાં આવી છે. આ અધિનિયમ, માનવ અધિકારનાં સંરક્ષણ તથા તેના સંવર્ધન તથા મહદઅંશે સામાન્ય માનવીને તેનો જીવન જીવવાનો અધિકાર, સમાનતા, માનવીય ગૌરવ જેવા મૂળભૂત અને પાયાના માનવ અધિકારોના સમર્થન પ્રત્યે મુખ્ય ધ્યેય રાખે છે. અધિનિયમની કલમ ૨૧(૧) ધ્વારા મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે તા. ૧૨ મી જુલાઈ, ૨૦૦૬ ના રોજ ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની રચના કરી. રાજ્ય આયોગના નીચે સહી કરનાર અધ્યક્ષની નિમણૂંક ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી ધ્વારા વોરંટ અન્વયે તા. ૨૭ મી જુલાઈ, ૨૦૦૬ ના રોજ કરવામાં આવી હતી. જેની અધિસૂચના તા. ૧૮ મી ઓગષ્ટ, ૨૦૦૬ ના ગુજરાત સરકારના અસાધારણ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવી હતી. રાજ્ય આયોગના અન્ય સભ્યોની જગ્યાઓ હજી પણ ખાલી છે. અધિનિયમની જોગવાઈઓ મુજબ, રાજ્ય માનવ અધિકાર આયોગ રાજ્યમાં દરેક નાગરિકના માનવ અધિકારોના વિકાસ અને સંરક્ષણની જવાબદારી સહિતની એક સંસ્થા રહી છે અને તે અન્વયે આ આયોગ એક સુવ્યવસ્થિત શાસન અને વહીવટનું પણ જતન કરે છે. આયોગનું માળખું હજુ પણ અપૂર્ણ છે કારણ કે તેના બે સભ્યોની નિમણૂંક કરવાની બાકી છે.

ગુજરાતની વડી અદાલતના ભૂતપૂર્વ માનનીય મુખ્ય ન્યાયાધીશ શ્રી ડી. એસ. સિંહાએ આ આયોગના અધ્યક્ષ તરીકે તા. ૧૨ મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના રોજ તેમના હોદ્દાની જવાબદારીઓ સંભાળી લીધી હતી.

રાજ્ય સરકારે, તા. ૧૩ મી ઓકટોબર, ૨૦૦૬ ની અધિસૂચના અન્વયે રાજ્ય આયોગના સચિવ તરીકે શ્રી આર. એલ. મીના (આઈ.એ.એસ.) ની નિમણૂંક કરી છે. શ્રી મીનાએ તેમનો હોદ્દો તા. ૮ મી નવેમ્બર, ૨૦૦૬ ના રોજથી સંભાળી લીધો છે. રાજ્ય સરકારે, તા. ૧૩ મી ડીસેમ્બર, ૨૦૦૬ ની અધિસૂચના અન્વયે રાજ્ય આયોગના અધિક પોલીસ મહાનિર્દેશક તરીકે શ્રી ચિતરંજન સિંહ (આઈ.પી.એસ.) ની નિમણૂંક કરી છે. શ્રી ચિતરંજન સિંહ (આઈ.પી.એસ.) એ તેમનો હોદ્દો તા. ૧૫ મી

ડીસેમ્બર, ૨૦૦૬ ના રોજ સંભાળી લીધો છે. ત્યારબાદ, આયોગે તા. ૩૧ મી જાન્યુઆરી, ૨૦૦૭ ની પોતાની અધિસૂચના ધ્વારા ઉપરોકત અધિકારીઓને અધિનિયમની સંબંધિત જોગવાઈઓ હેઠળ રાજય આયોગની કામગીરી અસરકારક રીતે હાથ ધરવા માટે કેટલીક સત્તાઓ પણ આપી છે. રાજય સરકારે, નાયબ સચિવ, ઉપ સચિવ અને અન્ય અધિકારીઓ તથા કર્મચારીગણની પણ નિમણૂંક કરી છે. આમ છતાં, મંજૂર થયેલ ૫૨ જગ્યાઓ પૈકી, ૧૯ જગ્યાઓ હજી પણ ખાલી છે. વહેલામાં વહેલી તકે બધી જ જગ્યાઓ ભરી દેવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહયા છે.

રાજય આયોગે ઉપસચિવશ્રી અને નાયબ સચિવશ્રીની દેખરેખ હેઠળ તેની પ્રવૃત્તિઓ અને કામગીરીને ચાર પાંખોમાં જેવી કે, વહીવટી પાંખ, કાનૂની પાંખ, સંકલન અને સંશોધન પાંખ અને તપાસણી પાંખ, જે તપાસણી પાંખ કે લીગલ પાંખ સાથે જોડાયેલી છે તેનું નિયંત્રણ રાજય આયોગના અધિક પોલીસ મહાનિર્દેશક હસ્તક છે. બધી પાંખો સચિવ અને અધ્યક્ષશ્રીની સર્વાંગી દેખરેખ હેઠળ કામગીરી બજાવે છે.

રાજય માનવ અધિકાર આયોગની કચેરી હાલ સેકટર–૧૭, ગાંધીનગર ખાતે આવેલ ટાઉન હોલ એનેક્ષીમાં આયોગે માર્ગ અને મકાન વિભાગની ટેકનીકલ સહાય મેળવીને ઉપયોગી બનાવી છે તથા તેના કર્મચારીઓ યોગ્ય અને સારી રીતે કામગીરી કરી શકે તે હેતુથી ગુજરાત ગ્રામ્ય માર્કેટીંગ કોર્પોરેશન "ગ્રીમ્કો" ધ્વારા તેને આધુનિક રીતે સુસજજ પણ બનાવી છે. રાજય સરકારે તેની અસરકારક કામગીરી માટે જરૂરીયાત મુજબ વાહનો પણ ફાળવ્યા છે.

ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે તેની પોતાની વેબ સાઈટ પણ વિકસાવી છે. જેનું સરનામું **http://ghrc.guj.nic.in** છે. જે ધ્વારા કોઈપણ વ્યકિત પોતાના ઘરે આ આયોગ અંગે જરૂરી માહિતી અને પરિસ્થિતિની જાણકારી મેળવી શકે છે. તદઉપરાંત માહિતી મેળવવાના અધિકારના અધિનિયમ–૨૦૦૫ હેઠળ પણ આધિકારીક તૌર પર જરૂરી માહિતી પણ પૂરી પાડે છે તથા લોકોને જરૂરી માર્ગદર્શન પણ પુરું પાડે છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, નવી દિલ્હીએ બધા જ રાજયોના માનવ અધિકાર આયોગ માટે નમૂનારૂપ છે. ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે, ફરીયાદોની ચકાસણી તથા તેના વર્ગીકરણ માટે કાનૂની પાંખની પણ રચના કરી છે. તે વિપુલ કાનૂની માહિતી તથા સાહિત્ય પુરું પાડે છે જે સામાન્ય રીતે અંગ્રેજી ભાષામાં છે. ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે સામાન્ય માનવીના ઉપયોગ માટે અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં પણ અનુવાદ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે જિલ્લાની માનવ અધિકાર અદાલતો અને તેમાં સ્પેશ્યલ પબ્લિક પ્રોસીકયુટરની નિમણૂંકો થાય અને તે અંગેના જાહેરનામા બહાર પડે અને તેની સવલતોનો લોકો મહત્તમ લાભ ઉઠાવે તે બાબત સુનિશ્ચિત કરવા આયોગે પગલાં લીધેલ છે.

સને ૧૯૯૩ ના માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમની કલમ ૩૩(૨) ધ્વારા રાજય આયોગને, તેને યોગ્ય લાગે તે રીતે, આયોગની કામગીરી કરવા માટેની ગ્રાન્ટમાંથી ખર્ચ કરવા માટે સંપૂર્ણ સ્વાયત્તતા આપી

છે. રાજય આયોગ નિયમિતપણે ગ્રાન્ટ પણ મેળવે છે, પરંતુ સરકારશ્રીની કરકસર અંગેની સુચનાઓ અંતર્ગત, આયોગે મોટાભાગની આર્થિક તેમજ વહીવટી બાબતો માટે રાજય સરકારનો પૂર્વ પરામર્શ કરવો પડે છે. જે આયોગને સંપૂર્ણ સ્વાયત્તા ભોગવટામાં બાધાજનક છે. તે અંગે આયોગને સંપૂર્ણ સ્વાયત્તતા આપવાની દરખાસ્ત રાજય સરકારની વિચારણા પુનઃ હેઠળ છે.

ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની રચના થયા બાદ, રાજયના આયોગને નાગરિકો તરફથી સીધી જ અરજીઓ મળે છે. જરૂરી માળખાની સ્થાપના તથા સચિવશ્રીની નિમણૂંક કર્યા પછી, રાજય આયોગે તા. ૭ મી ડીસેમ્બર, ૨૦૦૬થી તેની કામગીરીનો પ્રારંભ કર્યો હતો. તેની પ્રથમ વર્ષની કામગીરી દરમ્યાન, ૬૧૦ અરજીઓ તા. ૩૧ મી માર્ચ, ૨૦૦૭ સુધીમાં આયોગને મળી હતી. રાજય માનવ અધિકાર આયોગે તેને મળેલ ફરીયાદો અંગે માનવ અધિકાર ભંગની અરજીઓ ઉપર જરૂરી નિર્ણયો પણ લીધા છે.

આયોગની રચના થયા પહેલાં માર્ચ, ૨૦૦૨ થી જૂન, ૨૦૦૬ દરમ્યાન માનનીય વડી અદાલતમાં નોંધાયેલા બધા જ કેસો ગુજરાત રાજય માનવ અધિકાર આયોગને સપ્ટેમ્બર, ૨૦૦૭ માં તબદીલ કરવામાં આવ્યા હતા અને તેને નોંધવાની કામગીરી પણ આયોગ ધ્વારા કરવામાં આવી હતી. હાલ વિવિધ કક્ષાએ તેની કામગીરી ચાલુ છે. આ અરજીઓનો અહેવાલ સને ૨૦૦૭–૨૦૦૮ ના અહેવાલમાં આપવામાં આવશે.

આયોગે રાજય સરકારને તેમજ સંબંધિત જાહેર સત્તાધિકારીઓને સને ૨૦૦૬–૦૭ ના વર્ષ દરમ્યાન ઘણી ભલામણો કરી છે. કેટલીક ભલામણો સ્વીકારાઈ છે અને તેનો અમલ પણ કરવામાં આવ્યો છે. કેટલીક ભલામણો સરકારકક્ષાએ અથવા અધિકારીકક્ષાએ નિર્ણય માટે હજી પણ પડતર છે. આ હકીકતોનું પ્રતિબિંબ વર્ષ ૨૦૦૬–૦૭ની બજેટ જોગવાઈ અને ખર્ચમાં પણ પડેલ છે. અંદાજ પત્રમાં કરાયેલ નાણાંકીય જોગવાઈઓનો ઉપયોગ સમયના અભાવે અને તેની સ્થાપનાની પ્રારંભિક કપરી સમસ્યાઓના કારણે થઈ શકયો નહી.

રાજય આયોગ ધ્વારા મંજૂર કરાયેલ સને ૨૦૦૬–૦૭ ના વર્ષનો અધિનિયમની કલમ ૨૮ હેઠળ તૈયાર કરાયેલ વાર્ષિક અહેવાલ ઉપલબ્ધ રેકર્ડના આધારે તૈયાર કરીને રજૂ કરવામાં આવ્યો છે.

હું આ તબકકે, રાજય વિધાનસભા સમક્ષ આ અહેવાલ રજૂ કરવા માટે તે રાજય સરકારને રજૂ કરવાની તક લઉ છું.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૦/૩/૨૦૦૮**

**( દયા શરણ સિન્હા )**
**ગુજરાતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ**
**અને**
**અધ્યક્ષ,**
**ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ,**
**ગાંધીનગર.**

# ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ

## વાર્ષિક અહેવાલ : ૨૦૦૬–૦૭

## : પ્રસ્તાવના :

સરકારશ્રીએ અનેકવિધ વહીવટી સુધારણા અંગેના અધિનિયમો બહાર પાડયા છે. તે પૈકી માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ – ૧૯૯૩ એ એક ક્રાંતિકારી અને અગત્યનો અધિનિયમ છે. લોકશાહી શાસન પધ્ધતિમાં આ પ્રકારના અધિનિયમ અન્વયે સામાન્ય લોકોના મૂળભૂત અધિકારો અબાધિત રહે અને તેનું જતન થાય તે લોકશાહી સરકારોમાં અત્યાવશ્યક છે. માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ એ સામાન્ય માનવીને પ્રશાસનમાં રહેલા શકિતશાળી સ્થાપિત હિતો ધરાવતા જૂથોની કનડગત સામે મુકિત આપે છે તેમજ જીવન જીવવાનો, સ્વતંત્રતાનો, સમાનતાનો અને માનવીય ગરિમા જાળવવા જેવા મૂળભૂત માનવ અધિકારોનું જતન કરે છે.

ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની રચના જુલાઈ – ૨૦૦૬ થી થયેલ છે અને રાજય આયોગે તેની કામગીરીની શરૂઆત સપ્ટેમ્બર – ૨૦૦૬ થી કરેલ છે. આમ, રાજય આયોગનું આ પ્રથમ વર્ષ છે. પ્રથમ વર્ષમાં રાજય આયોગમાં રાજયના નાગરિકોના વિવિધ પ્રકારના બનાવોને લગતી આશરે ૬૧૦ જેટલી અરજીઓ મળી છે. આ અરજીઓ સંબંધે સંબંધ ધરાવતા વિવિધ સરકારી ખાતાઓ તથા બોર્ડ, નિગમો પાસેથી અહેવાલો માંગવામાં આવેલ છે તથા તેમાં કેટલાંક કિસ્સાઓમાં પક્ષકારોને સાંભળવાની જરૂરીયાત જણાતાં સંબંધિત સત્તાધિકારીને હાજર રાખીને સુનાવણીઓ પણ હાથ ધરવામાં આવી છે અને આ રીતે નાગરિકોના માનવ અધિકારના હનનની ફરીયાદોના ઉકેલ લાવવામાં આવેલ છે જે પૈકીના કેટલાંક કેસોની દાખલારૂપ માહિતી આ અહેવાલમાં સામેલ કરવામાં આવી છે. જેથી દાખલારૂપ ગણી આવા કેસોનું પુનરાવર્તન ન થાય. તેની નોંધ વિવિધ ખાતાઓ લેશે તેવી અપેક્ષા છે.

અત્રેથી તમામ પ્રયત્નો લોકોના અધિકારોના સંપૂર્ણ રક્ષણની દિશામાં મહત્વપૂર્ણ કાર્યવાહી રહેલ છે. આયોગ તમામ અરજદારોની રજુઆત પ્રાથમિક રીતે સાચી માનીને તેમના દ્રષ્ટિબિંદુથી કામ કરે છે. ખાસ કરીને સમાજના ઉપેક્ષિત અને સદીઓથી પીડીત રહેલ વર્ગો જેવા કે અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, આદિ જાતિ જૂથો, મહિલાઓ, બાળકો અને લઘુમતિઓને તમામને સમાવવામાં આવે છે.

ગુજરાત રાજય એક પ્રગતિશીલ અને કાયદા અને વ્યવસ્થાની દ્રષ્ટિએ શાંતિપ્રિય રાજય રહેલ છે. આયોગને માનવ અધિકારના ભંગના બનાવની તારીખથી એક વર્ષ જૂના કેસને આવરી લેવાની સત્તા છે. પરંતુ જે અરજીઓ વિવિધ કાયદાકીય પ્રક્રિયામાં ઢીલમાં પડેલ હોય અથવા ઉચ્ચતમ અથવા ઉચ્ચ ન્યાયાલય અથવા રાષ્ટ્રિય માનવ અધિકાર આયોગ અથવા સક્ષમ સત્તાધિકારીના સ્તરે કાર્યવાહીમાં પડતર રહેલ હોય તેવા મુદ્દાઓ પણ આયોગ જોઈ શકશે. આ આયોગના અસ્તિત્વમાં આવ્યા પછી સતત શાંત પરિસ્થિતિ રહેલ છે. સામાન્ય રીતે ગુજરાત રાજયમાં લોકજાગૃતિ અને નાગરિકોને તેમના અધિકારો માટે ચેતના સારી એવી

રહેલ છે જેના પરિણામે દેશમાં બીજા રાજય કરતાં શાંતિ અને વ્યવસ્થા તેઓથી સારી રહેલ છે. જે માનવ અધિકારોના ભોગવટામાં ખૂબજ મહત્વનો ફાળો ભજવે છે.

ગુજરાત રાજયમાં Gujarat State wide Area Network ( GSWAN ) ધ્વારા તમામ રાજય વિધાનસભા, તેના કાર્યાલયો, ઉચ્ચ ન્યાયાલય, સરકારના મંત્રીગણ કાર્યાલય, સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓની કચેરીઓ, જીલ્લા કચેરીઓ, મહાનગરપાલિકાઓ, જીલ્લા પંચાયતો, નગરપાલિકાઓ, તાલુકા કક્ષાની કચેરીઓ, ક્ષેત્રીય કચેરીઓ, બોર્ડ અને કોર્પોરેશનો અને ગ્રામ કક્ષાની ગ્રામ પંચાયત અને કચેરીઓ અને સંસ્થાઓનો સંપર્ક કચેરીઓ તેમજ કેન્દ્ર સરકાર અને વિદેશના લોકો સાથે ઈન્ટરનેટથી જોડાણ થયેલ હોવાથી રાજય સરકારની નીતિ વિષયક તેમજ ઈતર કામગીરીની વિગતો  રાજયના ખૂણેખૂણે મળી રહે છે. માટે તેમના મોટા ભાગના નીતિગત નિર્ણયોની જાણકારી અને પ્રશ્નોનુ જે તે સ્તરે નિરાકરણ કરવામાં ઘણી મદદ મળે છે. છતાં બાકીના અસંતોષ દૂર કરવાની અરજીઓ આવે છે. જેના સુખદ નિરાકરણ માટે અરજદારોને જે તે નિર્ણયકર્તા સત્તાધિકારીને યોગ્ય માર્ગદર્શન આપી તેમની રજૂઆતો લક્ષમાં રાખી યોગ્ય નિર્ણય લઈ ભલામણો કરવામાં આવે  છે. આયોગનું અસ્તિત્વ નવું હોવાથી રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ તરફથી બહાર પાડેલ માનવ અધિકારોના રક્ષણમાં શ્રેષ્ઠ બાબતોનું અનુકરણ કરવામાં આવે છે. અને રાજયના તંત્રને પણ તેમાં જણાતી ખામીઓ દૂર કરવા ઘ્યાન દોરવામાં આવે છે. રાજય આયોગે પણ પોતાની વેબસાઈટ કાર્યન્વિત કરવા પ્રયત્નો કર્યા છે તે અનુસાર રાજય આયોગનું વેબસાઈટ એડ્રેસ **http://ghrc.guj.nic.in** પ્રમાણેનું છે.

રાજયમાં સૌથી મહત્વપૂર્ણ બાબત જાહેર જનતાને સરકારી અને જાહેર કચેરીઓમાં સંપર્ક કરવામાં જે સહજતા રહે તે માટે દર સોમવારે જાહેર જનતા માટે ખુલ્લો દિવસ છે તે દિવસે દરેક અધિકારી પોતાની કચેરીમાં જ હાજર હોય છે અને દરેક મંગળવારનો દિવસ જનતા ધ્વારા ચૂંટાયેલ લોકો માટે ખુલ્લા છે ત્યારે લોક પ્રતિનિધિઓ કોઈ પણ કચેરીમાં કોઈ પણ પૂર્વ નિર્ધારિત સમયે પોતાના પ્રશ્નો રજુ કરવાની છૂટ ધરાવે છે. આ અવસરનો તમામ યોગ્ય લાભ લે તે જરૂરી છે. જેનાથી ઘણી મોટી સંખ્યામાં માણસોના માનવ અધિકારોના ઉલ્લંઘનના મુદ્દાઓ નિવારણ કરવા ઉપયોગ થઈ રહેલ છે. તે ઉપરાંત રાજયના ગ્રામ કક્ષાથી માંડીને જીલ્લા કક્ષા અને રાજય કક્ષા સુધી જાહેર જનતા અને જાહેર કચેરીઓના વડાઓ સાથે સંકલન ગોઠવેલ છે જેના પરિણામે સામાન્ય માણસની નાની નાની સમીક્ષાઓ તરફ પણ તેમનું ઘ્યાન સતત સંપર્કમાં રહેલ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી ધ્વારા રાખવામાં આવતા કાર્યક્રમના કારણે તમામ સામાન્ય નાગરિકોના પ્રશ્નો તરફ તેમનું લક્ષ રહેલ છે. છતાં આટલા વિશાળ રાજયમાં નાની–મોટી ભુલો થઈ જાય તેનું પણ નિરાકરણ કરવા આયોગ ઉપયોગી થવા પ્રયત્નશીલ છે.

રાજયમાં માનવ અધિકારો અંગેના માળખામાં આયોગની કચેરી ઉપરાંત દરેક જીલ્લાના સેશન્સ કોર્ટોને માનવ અધિકાર કોર્ટ તરીકે જાહેર કરેલ છે અને દરેક સેશન્સ કોર્ટના પબ્લિક પ્રોસીકયુટરને માનવ અધિકારોના કેસો ચલાવવા માટે ખાસ પબ્લિક પ્રોસીકયુટર તરીકે નિમવામાં આવેલ છે. પરંતુ જીલ્લા કક્ષાએ

આ વિષય અંગેની જાગરૂકતાના અભાવે દરેક જીલ્લા કક્ષાએ આ સગવડતાનો ઉપયોગ લેવામાં આવેલ નથી. આ દિશામાં કામની વ્યવસ્થિત ગોઠવણી હજી વધુ કરવાની જરૂર છે.

પરંતુ "Too err is human to forgive is divine" શેકસપીયરના ઉપરોકત પ્રસિધ્ધ કથનને લક્ષમાં રાખી અને માનવ સ્વભાવની ભૂલના કારણે થતી ક્ષતિઓ જોવામાં આવે છે તેના નિવારણ માટે આયોગ પોતાના મર્યાદિત સાધનો થકી મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. આશા છે આ અહેવાલની નાની મોટી ક્ષતિઓની ભૂલ થયેલ હોય તે વાંચીને તે તરફ અવશ્ય અમારૂ લક્ષ દોરશો. અત્રેથી ધ્યાન રહેશે કે આવી ક્ષતિઓનું પુનરાવર્તન ન થાય. આ કામમાં આપના તરફથી સુધારણા માટેના તમામ સૂચનો આવકાર્ય છે. જેથી અત્રેથી વધુમાં વધુ માનવીય રક્ષણમાં સાધારણ માણસોને વધુ ને વધુ લાભ આપી શકાય.

પ્રસ્તુત અહેવાલમાં રાજય આયોગના અધિકારીગણ – કર્મચારીગણ, રાજય આયોગનું સંગઠન અને માળખું, રચના અને ઈતિહાસ, હિસાબી પત્રકો, રાજયની જીલ્લાવાર તથા નિયત કરેલ વિષયવારની અરજીઓના વિશ્લેષણ પત્રકો, મહત્વની સિધ્ધિઓવાળા કેસો, આયોગે તૈયાર કરેલ વિષય સૂચિ, રાજય આયોગના કાર્યો અને સત્તાઓની યાદી, રાજય આયોગમાં સ્વિકારાતી અરજીઓ હાથ ધરવાની કાર્યવાહી, સુનાવણી અને પ્રક્રિયાઓની માહિતી તથા રાજય આયોગના જવાબદાર અધિકારીગણના ટેલીફોન નંબરોની યાદી સહિતની વિગતોસભર આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે જે આ વર્ષે આયોગે સંસ્થાકીય કામગીરીમાં ખૂબ જ મર્યાદાઓ રહેલ છે છતાં રાજયના માણસોના માનવ અધિકારોના રક્ષણ માટે ઘણી સિધ્ધિઓ મેળવેલ છે અને આ દિશામાં વધુ ને વધુ સિધ્ધિ મળે તે દિશામાં સતત પ્રયત્નો થયેલ છે. આટલી નાની સંખ્યા અને સિમિત કર્મચારીગણથી થયેલ કામગીરી માટે તમામ કર્મચારી, અધિકારીઓ, પ્રતિનિધિઓ અને તજજ્ઞોનો આભાર માનીએ છીએ.

ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના સને ૨૦૦૬–૦૭ ના વર્ષ માટેના વાર્ષિક અહેવાલ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ – ૧૯૯૩ ની કલમ – ૨૮ હેઠળ તૈયાર કરી સરકારશ્રીને રજૂ કરેલ છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૦/૩/૨૦૦૮

**( ડો. આર. એલ. મીના )**
**સચિવ,**
ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ,
ગાંધીનગર.

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

## વાર્ષિક અહેવાલ : ૨૦૦૬–૦૭

## : અનુક્રમણિકા :


| અ.નં. | | પાના નંબર |
|---|---|---|
| | **આમુખ** – માન.અધ્યક્ષશ્રી | **(i)** |
| | **પ્રસ્તાવના**– સચિવશ્રી | **(iv)** |
| **પ્રકરણ** | **પ્રકરણોની અનુક્રમણિકા** | |
| ૧. | રાજ્ય આયોગની રચના, ઈતિહાસ અને કામગીરી | ૧ |
| ૨. | રાજ્ય આયોગના કાર્યો અને સત્તાઓને લગતી જોગવાઈઓ | ૫ |
| ૩. | રાજ્ય આયોગની કાર્યવાહી પધ્ધતિ | ૧૦ |
| ૪. | મહત્વના પ્રકરણોની માહિતી | ૧૪ |
| ૫. | રાજ્ય આયોગમાં દાખલ ઉદાહરણરૂપ કેટલાંક કેસો | ૩૦ |
| ૬. | ઉપસંહાર | ૪૨ |
| | **પરિશિષ્ટો** | |
| **પરિશિષ્ટ – ૧** | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની રચના અંગેનું સરકારશ્રીનું જાહેરનામું. | ૪૫ |
| **પરિશિષ્ટ – ૨** | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના માન. અધ્યક્ષશ્રીની નિમણૂંક અંગેનું નામ.રાજ્યપાલશ્રીનું વોરંટ. | ૪૬ |
| **પરિશિષ્ટ – ૩** | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના માન.અધ્યક્ષશ્રીની નિમણૂંકનું જાહેરનામું. | ૪૭ |
| **પરિશિષ્ટ – ૪** | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની મહેકમ મંજૂર કરવા બાબતનો સરકારશ્રીનો ઠરાવ. | ૪૮ |
| **પરિશિષ્ટ – ૫** | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના માન.અધ્યક્ષશ્રીએ પદગ્રહણ કર્યા અંગેનું સરકારશ્રીનું જાહેરનામું. | ૫૧ |

| | | |
|---|---|---|
| **પરિશિષ્ટ – ૬** | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના ઠરાવો – અધિકારીઓની વિગતવાર નિયુક્તિ અને સત્તાની સોંપણી અંગેના રાજ્ય આયોગના જાહેરનામાઓ. | **૫૨** |
| **પરિશિષ્ટ – ૭** | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સચિવશ્રીને સરકારના ખાતાના વડા જાહેર કરવા બાબતનો સરકારશ્રીનો ઠરાવ. | **૫૭** |
| **પરિશિષ્ટ – ૮(૧)** | રાજ્યની જીલ્લા સેશન્સ કોર્ટોને માનવ અધિકારની કોર્ટો જાહેર કરવા અંગેનું સરકારશ્રીનું જાહેરનામું. | **૫૮** |
| **પરિશિષ્ટ – ૮(૨)** | રાજ્યની જીલ્લા કોર્ટોના બધા પબ્લિક પ્રોસીક્યુટરને માનવ અધિકારના કેસો ચલાવવા માટે ખાસ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે નિર્દિષ્ટ કરતું સરકારશ્રીનું જાહેરનામું. | **૫૯** |
| **પરિશિષ્ટ – ૯** | વિષયોના મુખ્ય સદરો અને પેટા સદરો | **૬૦** |
| **પરિશિષ્ટ – ૧૦** | રાજ્ય આયોગમાં જીલ્લાવાર દાખલ થયેલ કેસો | **૬૩** |
| **પરિશિષ્ટ – ૧૧** | અરજીઓ પરત્વે, રાજ્ય આયોગની વિષયવાર અને જીલ્લાવાર વિગતો | **૬૫** |
| **પરિશિષ્ટ – ૧૨** | ગૂમ થયેલ બાળકો અંગેની માહિતી | **૭૧** |
| **પરિશિષ્ટ – ૧૩** | રાજ્ય આયોગની કામગીરી દર્શાવતા ગ્રાફસ અને ચાર્ટ | **૭૨** |
| **પરિશિષ્ટ – ૧૪** | રાજ્ય આયોગની કચેરીમાં મંજૂર થયેલ જગ્યાઓ | **૭૪** |
| **પરિશિષ્ટ – ૧૫** | રાજ્ય આયોગની કચેરીના અધિકારીઓના ટેલીફોન અને ફેકસ નંબરો | **૭૫** |